**અમદાવાદનાં મહે.અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૦ માં.**

**Criminal CaseNo.** 14550-2022

<u>**આંક-૧ અન્વયે હુકમ:-**</u>

ચેરમેનશ્રી વ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ના કચેરી આદેશ મુજબઆજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેટ સીટીગ નુ આયોજન કરવામાં આવેલ છે આકેસ હાથ ઉપર લેવામાં આવેલ છે.સાંભ ળ્યા, કેસ પેપ ર્સ ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસનાઅંતે આરોપી વિરુધ્ધ હાલનુ ચાર્જસીટ ગુજરાત પોલીસ એકટ ની કલમ ૧૩૫(૧) અન્વયે અદાલતમાં દાખલ કરેલ છે.ગુજરાત પોલીસ એકટ અધિનીયમ તે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટેનો છે તેનો એક ઉદેશ્ય તાત્કાલીક નીવારાત્મક પગલા લેવાનો રહેલ છે અને તે માટઓન ધ સ્પોટ વોરન્ટ વગર અધિકૃત ઓથોરીટીના હુકમનો ભંગ કરનાર ની ધરપકડ પણ કરી શકાય છે જો આવી સતા આપવામાં આવેલી ના હોયતો નીવારાત્મક પગલાઓ યોગ્ય રીતે લઈ શકાતા નથી આથી પોલીસ ઓથોરીટીને આ કાયદામાં હુકમનો ભંગ કરનાર ની ધરપકડ કરવાની સતા આપવામાં આવેલી છે પંરતુ પોલીસ ઓથોરીટી ને ધરપકડની સતા હોય તેટલા માત્ર થી કોઈ ગુનો કોગ્નીજેબલ બની જતો નથી જો કાયદામાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી હોય તો જ ગુનો કોગ્નીજેબલ બને છે અને જો કાયદામાં આ બાબતે કોઈ જોગવાઈ કરવામાં આવેલી ના હોય ત્યારે સી.આર.પી.સીની કલમ-૪ ની સામાન્ય જોગવાઈઓ લાગુ પડે છે. ગુજરાત પોલીસ એકટની કલમ ૯૦(એ),૧૧૮, ૧૪૩(બી) મા દર્શાવ્યા મુજબના ગુનાઓ કોગ્નીજેબલ ગુનાઓ રહેલા છે તે સીવાય ના તમામ ગુનાઓ બાબતે કોઈ સ્પેશીફીક જોગવાઈ કરવામાં આવેલી ના હોય આથી સી.આર.પી.સી. ની કલમ ૪ ની જોગવાઈ લાગુ પડે છે.

-સી.આર.પી.સી.ની કલમ ૪ માં ભારતના ફોજદારી અધિનીયમ અને બીજા

કાયદા હેઠળના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી બાબતે જણાવવામાં આવે છે જેમા કલમ ૪(૨) મુજબ બીજા કોઈ કાયદા હેઠળ ના તમામ ગુનાઓની પોલીસ તપાસ, તપાસ,ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી આજ જોગવાઈઓ અનુસાર પંરત એવા ગુનાની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી કે અન્ય પ્રકારની કાર્યવાહી કરવાની રીત અથવા તેના સ્થળ સંબધી તે સમયે અમલમાં હોય તે અધિનીયમને આધીન રહીને કરવામાં આવશે. એટલે કે જો સ્પેસીફીક કાયદામા કોઈ જોગવાઈ કરવામાં આવેલ હોય તો તે મુજબ કાર્યવાહી કરવામા આવે છે અન્યથા સી.આરપી.સી. ની જોગવાઈ લાગુ પડે છે. –હાથ પર રહેવા કેસ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫(૧) અન્વયેનો છે આ કાયદામાં આ ગુનો કોન્ગીજેબલ છે કે નોનકોગ્નીજેબલ છે તેવી કોઈ સ્પષ્ટ જોગવાઈ આ કાયદામાં કરવામાં આવેલ નથી આથી આ ગુનાને સી.આર.પી.સી. ના શેડયુલ–૨ માં દર્શાવ્યા મુજબની જોગવાઈ લાગુ પડે છે.ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫(૧) ના ગુનામાં સજાની જોગવાઈ જોવામાં આવે તો એક વર્ષ સુધીની સજાની જોગવાઈ રહેલી છે આથી સી.આર.પી.સી. ના શેડીયુલ નંબર –૨ જોતા આ ગુનો નોન કોગ્નીજેબલ ગણાય છે અને નોન કોગ્નીજેબલ ગુનાની તપાસ સી.આર.પી.સી. ની કલમ ૧૫૫(૨) મુજબ મેજીસ્ટ્રેટના હુકમ વગર કરી શકાતી નથી તેવી સ્પષ્ટ કાયદાકીય જોગવાઈ રહેલી છે હાલના કેસમા પોલીસે આવી કોઈ પરવાનગી લીધેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ નથી. – નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુજરાત રાજય વિરુઘ્ધ ભીમજી માનજી ૧૯૬૮ ક્રીમીનલ લો ઝનરલ પેઝ નંબર–૧૫૬, કેશવલાલ ઠાકુર વિરુઘ્ધ બીહાર રાજય ૧૯૯૬ (૧૧) એસ.સી.સી. પેઝ– નંબર ૫૫૭, મોઈનબસા હાજી અબ્દુલ ગફુર વિરુઘ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક ૨૦૧૪ લો–સ્યુટ (કર્ણાટકા) પેઝ નંબર ૨૦૪૮,જયોત્સનાબેન વિરુઘ્ધ ગુજરાત રાજય ક્રીમીનલ મીસીલન્સ એપ્લીકેશન નંબર ૧૫૨૨૬/૨૦૦૭,શીવાનંદ ગીરઘર નાયક વિરુઘ્ધ સિનીયર પોલીસ ઈન્સપેકટર ૨૦૦૦ (૦)ક્રી.લો.જ.તેમજ પાઉલરાજ જોસેફ વિરુઘ્ધ મહારાષ્ટ્ર રાજય ના કેસ લો માં હેલ્ડ કરવામાં આવેલ રેસીયો ઘ્યાને લેતા બોમ્બે/ગુજરાત પોલીસ એકટ કલમ ૯૦(એ),૧૧૮અને ૧૪૩(બી) સીવાય ના ગુનાઓ નોનકોગ્નીજેબલ ગુનાઓ રહેલ છે હાલનો કેસ તે કલમ ૧૩૫(૧) નો ગુનો હોય સદર ગુનામા કરવામાં આવેલી સજાની જોગવાઈ ના સર્દભમાં સી.આર.પી.સી.

ના શેડીયુલ નંબર–ર જોવામાં આવે તો તે સ્પષ્ટ પણે નોન કોગ્નીજેબલ ગુનો બનેછે સદર કેસમાં સી.આર.પી.સી. કલમ ૧૫૫(ર) ની કોઈ પરવાનગી લેવામાં આવેલ નથી આમ છતા જો આ કાર્યવાહી ચલાવવામાં આવે તો તે એબયુઝ ઓફ પ્રોસેસ ગણાય હકુમત વિહીન સમગ્ર કાર્યવાહી બને છે અને સી.આર.પી.સી.ની કલમ ૪૬૧ અન્વયે ની એવી અનિયમીતસરતાઓ છે કે જેના થી સમગ્ર કાર્યવાહી દુષીતથાય છે અને આવી કાર્યવાહી શરુઆતથી નીરર્થક એટલે કે –oid abinitio બન છે અને આવી કાર્યવાહી પાછળ અદાલતના કોઈ સમય વ્યતીત કરી શકાય નહી આથી – નામદાર સુપ્રિમકોર્ટે તારીખ ૨૫/૧૧/૨૦૧૪ ના રોજ કે. પ્રભાકર રાવ વિરુધ્ધ આંધ્રપ્રદેશ રાજય ના ચુકાદા માં હેલ્ડ કરવામાં આવેલ રેસીયો ધ્યાન સમક્ષ રાખી સદર ગુન્હાની કાર્યવાહી બંધ કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેસીયલ મેજીસ્ટ્રીયલમાં જાહેર કરવામાં આવેલ છે.

::: હ ક મ :::

– સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે આરોપી વિરુધ્ધ ગુજરાત પોલીસ એકટ ની કલમ ૧૩૫(૧) મુજબ ના ગુન્હાની કાર્યવાહી બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

– અધિકૃત ઓથોરીટી કાયદા અનુસાર યોગ્ય કાર્યવાહી કરી આરોપી સામે ફરી કેસ દાખલ કરી શકે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં તારીખ–૧૨ મી, માહે–માર્ચ , સને–૨૦૨૨ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ. ( વી. ડી. મોઢ )

તા.૧૨/૦૩/૨૦૨૨. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ

કોર્ટ નં.૧૦, અમદાવાદ.